ગુજ પ્રશ્ન - અગ્રતાક્રમ-૭

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ન્યારા એનર્જી લીમીટેડ કંપની દ્વારા થતા પ્રદૂષણની ફરિયાદો

*૧૫/૪/૨૪૫૬ શ્રી હેમંતભાઇ હરદાસભાઇ આહીર (જામજોધપુર): માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશો કે.-

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આવેલ ન્યારા એનર્જી લીમીટેડ કંપની દ્વારા હવા, પાણીનું પ્રદૂષણ અને વેસ્ટનો નિકાલ યોગ્ય રીતે કરવામાં આવતો ન હોવા અંગેની કેટલી ફરિયાદો સરકારને મળી, | (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતીએ મળેલ ફરિયાદની કુલ સંખ્યા - ૧૪. |
| (૨) | મળેલ ફરિયાદ અન્વયે ક્યારે શું કાર્યવાહી કરવામાં આવી, અને | (૨) | ફરિયાદો સંદર્ભે કરેલ કાર્યવાહીની વિગત નીચે પ્રમાણે છે. |
| (૩) | ઉક્ત સ્થિતિએ ઉક્ત કંપનીની સામે શાં પગલા લેવામાં આવ્યા? | (૩) | |

જવાબ (૨):

| વર્ષ | કુલ મળેલ ફરિયાદ | સુધારાત્મક નોટીસ | કારણ દર્શક નોટીસ | ફરિયાદ દફ્તરે કરેલ |
|---|---|---|---|---|
| ૨૦૨૨ | ૦૩ | ૦૦ | ૦૦ | ૦૩ |
| ૨૦૨૩ | ૧૧ | ૦૧ | ૦૨ | ૦૮ |

જવાબ (૩):

| વર્ષ | કુલ મળેલ ફરિયાદ | સુધારાત્મક નોટીસ | કારણ દર્શક નોટીસ | ફરિયાદ દફ્તરે કરેલ |
|---|---|---|---|---|
| ૨૦૨૨ | ૦૩ | ૦૦ | ૦૦ | ૦૩ |
| ૨૦૨૩ | ૧૧ | ૦૧ | ૦૨ | ૦૮ |

ગૃહમાં જવાબ આપવાની તારીખ - ૨૩/૦૨/૨૦૨૪

ફાઇલ નં-વસપ/૧૦/૨૦૨૪/તા.પ્ર-૦૫/ટી.સેલ
વન અને પર્યાવરણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તા- 23/2/24

પ્રતિ,

સચિવશ્રી,

ગુજરાત વિધાનસભા,

સચિવાલય, ગાંધીનગર.

આપશ્રીના તારીખ - ૦૮/૦૨/૨૦૨૪ના તારાંકિત પ્રશ્ન નં - ૧૫/૪/૨૪૫૬ અન્વયે જરૂરી કાર્યવાહી સારૂ. (વધારાના ત્રણ નકલ આ સાથે બિડેલ છે)

આભાર સહ,

આપનો વિશ્વાસુ

D.M. 23/2

(ડી એમ ઠાકર)

નિયામક (પર્યાવરણ)

નકલ રવાના - સંકલન શાખા, વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

**અગ્રતાક્રમાંક.૦૭** ફરિયાદની વિગતો

| વર્ષ –૨૦૨૨ | | | | | |
|---|---|---|---|---|---|
| **ક્રમ** | **તારીખ** | **ફરિયાદીશ્રીનુ નામ** | **ફરિયાદની વિગત** | **મુલાકાત તારીખ અને અહેવાલની વિગતો** | **લીધેલ પગલા** |
| ૧ | ૧૭/૦૧/૨૦૨૨ | શ્રી યાસિનભાઇ બી. ગજ્જનની ફરિયાદ વર્ષ ૨૦૨૨માં મળેલ સરખી ફરિયાદ | ન્યારા એનર્જી લી. વાડીનાર દ્વારા થતી પર્યાવરણની ગંભીર બેદરકારી અંગે પગલાં લેવા બાબત | - અગાઉ તા.૨૦.૦૭.૨૦૨૧ રોજ તપાસ પછી તા.૦૯.૦૯.૨૦૨૧ના રોજ કારણ દર્શક નોટીસ પાઠવેલ. તા.૨૦.૦૧.૨૦૨૨ના રોજ NGT કમિટી ની તપાસમાં એકમ પાલનમાં જણાયેલ. હવા અને પાણીના સેમ્પલ ધારા ધોરણમાં જણાયેલ. | - ૨૦/૦૧/૨૦૨૨ ફરિયાદ દફતરે કરેલ છે. |
| ૨ | ૩૧/૦૫/૨૦૨૨ | શ્રી યાસિનભાઇ બી. ગજ્જનની ફરિયાદ | ન્યારા એનર્જી લી. વાડીનાર દ્વારા થતી પર્યાવરણની ગંભીર બેદરકારી અંગે વારંવાર રજુઆત છતાં પગલા લેવામાં આવતા આમરણાત ઉપવાસ બાબત | - તા.૨૦.૦૬.૨૦૨૨ના રોજ સ્થળ તપાસમાં એકમ પર્યાવરણીય કાયદાનું પાલનમાં જણાયેલ. ઈ.ટી.પી કાર્યરત જાણાયેલ. પાણીની ઓઅનલાઇન મોનીટરીંગ સીસ્ટમ પ્રમાણે નોમ્સમાં જણાયેલ.<br>- એકમે ચીમનીમાં PM, SOx, NOx અને CO અને H2S યુનિટમાં NOx અને CO અને H2Sના માપન માટે રિફાઇનરીમાં સતત ઓનલાઇન મોનિટરીંગ સિસ્ટમ લગાવેલ છે. | - ૨૦/૦૬/૨૦૨૨ ફરિયાદ દફતરે કરેલ છે. |

(૧) પાછળ

| | | | | | |
|---|---|---|---|---|---|
| 3 | ૧૮/૦૭/૨૦૨૨ | શ્રી ક્રિપાલસિંહ જાડેજાની ફરિયાદ | ન્યારા એર્નજી કંપની દ્વારા કેમિકલ યુક્ત પાણી ગામ ની નદીમા છોડવા બાબત. | - તા.૧૫.૦૭.૨૦૨૨ના સ્થળ તપોસમાં એકમ પર્યાવરણીય કાયદાનું પાલનમાં જણાયેલ.<br>- ગંદાપાણીનો બાહાર નિકાલ જોવા મળેલ નથી.<br>- મુલાકાત સમયે એકમની ઉપરવાસ અને નિચાણવાસમાં નાળાના પાણીના સેમ્પલ લીધેલ જેમાં સામ્યતા જણાયેલ. આમ એકમ દ્વારા પ્રદૂષણનો નિકાલ કરાયેલ નથી.<br>- બોર્ડ દ્વારા તા.૧૮.૧૨.૨૦૨૧ અને તા.૦૨.૦૭.૨૦૨૨ તથા તા.૨૯.૦૭.૨૦૨૨ના પત્રથી ફરિયાદીશ્રીને કરેલ કાર્યવાહીની જાણ કરેલ. | - ૧૫/૦૭/૨૦૨૨ ફરિયાદ દફતરે કરેલ છે. |

## વર્ષ -૨૦૨૩

| ક્રમ | તારીખ | ફરિયાદીશ્રીનુ નામ | ફરિયાદની વિગત | મુલાકાત તારીખ અને અહેવાલની વિગતો | લીધેલ પગલા |
|---|---|---|---|---|---|
| | ૧૩/૦૧/૨૦૨૩ | શ્રી ક્રિપાલસિંહ જાડેજાની ફરિયાદ મુખ્યમંત્રીશ્રીના કાર્યાલય તરફથી મળેલ. | - ન્યારા એન્જી. દ્વારા જેરી કેમિકલ યુક્ત અને ગેસના કારણે ગ્રામજનોને ગંભીર અસરો થવા બાબત. | - એકમની તા.૧૫/૩/૨૩ના રોજ સ્થળ તપાસ કરેલ.<br>- મુલાકાત સમયે એકમના હીટરથી પેટકોક સ્ટૉરેજ યાર્ડ પાસે આવેલ કન્વેયર બેલ્ટ નીચે ડસ્ટ પથરાયેલ જોવા મળેલ.<br>- એકમની ચિમનીઓ સાથે લગાવેલ ઓનલાઇન મોનિટરીંગ સિસ્ટમના | - સુધારાત્મક નોટીસ તા.૧૬/૦૩/૨૦૨૩ના રોજ પાઠવેલ છે.<br>- બોર્ડ દ્વારા તા.૨૮/૦૪/૨૦૨૩ પત્રથી ફરીયાદીશ્રી ને કરેલ કાર્યવાહીની જાણ કરેલ. |

(૨) પાછળી

# અગ્રતાક્માંક.૦૭

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨ | ૨૭/૦૨/૨૦૨૩ | શ્રી ક્રિપાલસિંહ જાડેજાની ફરિયાદ વન અને પર્યાવરણ વિભાગ તરફથી મળેલ. | ન્યારા એનર્જી દ્બારા ઝેરી કેમીકલ યુક્ત પાણી રીસાયકલીંગ કર્યા વગર જમીનમાં ઉંડે સુધી ઉતારી દેવા બાબત તથા ખરાબ ગેસના કારણે ગ્રામજનો ગંભીર બીમારીમાં સપડાયા બાબત. (વન અને પર્યાવરણ વિભાગ ) | રીઝલ્ટ જોતાં એકમ નોર્મ્સનું પાલન કરતુ જણાયેલ.<br>- મુલાકાત સમયે એકમમાં આવેલ કુલ ૦૨ કૂવાના તથા આસ પાસના ગામના કુલ ૦૪ કૂવાના પાણીના નમૂના એકત્ર કરવામાં આવેલ જેના પૃથ્થકરણ અહેવાલ નિયત માત્રામાં જણાયેલ. | - ફરિયાદ દફતરે કરેલ છે.<br>- બોર્ડ દ્વારા તા.૨૯/૦૫/૨૦૨૩ પત્રથી ફરીયાદીશ્રી ને કરેલ કાર્યવાહીની જાણ કરેલ. |
| 3 | ૧૩/૦૪/૨૦૨૩ | શ્રી હેમંતભાઇ ખવા, ધારા સભ્યશ્રીની ફરિયાદ | દેવભુમિ દ્વારકા જિલ્લામાં આવેલ નાયરા એરર્જી દ્વારા હવા અને પાણીનું પ્રદુષણ અટકાવવા પગલાં લેવા બાબત. | - એકમની તા.૧૬/૫/૨૩ના રોજ સ્થળ તપાસ કરેલ.<br>- એકમની ચિમનીઓ સાથે લગાવેલ ઓનલાઇન મોનિટરીંગ સિસ્ટમમાં બોર્ડની કન્સેન્ટ મુજબ પેરા મીટરની લીમીટ સેટ કરવા લેખીત સુચના આપવામાં આવેલ. | - તા.૨૨/૦૫/૨૦૨૩ના રોજ કારણ દર્શક નોટીસ પાઠવેલ.<br>- બોર્ડ દ્વારા તા.૨૪/૦૫/૨૦૨૩ પત્રથી ફરીયાદીશ્રી ને કરેલ કાર્યવાહીની જાણ કરેલ. |
| ૪ | ૨૮/૦૪/૨૦૨૩ | શ્રી હેમંતભાઇ ખવા, ધારા સભ્યશ્રીની ફરિયાદ માન.મંત્રીશ્રી, પ્રવાસન, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, વન અને પર્યાવરણ અને કલાઇમેટ ચેન્જનું કાર્યાલય તરફથી મળેલ. | દેવભુમિ દ્વારકા જિલ્લાના વાડીનાર ખાતે આવેલ નાયરા એરર્જી દ્વારા ફેલાતુ હવા અને પાણીનું પ્રદુષણ અટકાવવા બાબતે | - સ્થળ તપાસમાં કોઇ પણ પ્રકારનું ગંદુપાણી જમીનમાં ઉતરતું જોવા મળેલ નહી.<br>- મુલાકાત સમયે એકમમાં આવેલ કુલ ૦૨ કૂવાના તથા આસ પાસના ગામના કુલ ૦૪ કૂવાના પાણીના નમૂના એકત્ર કરવામાં આવેલ જેના પૃથ્થકરણ અહેવાલ નિયત માત્રામાં જણાયેલ. | - ફરિયાદ દફતરે કરેલ છે.<br>- બોર્ડ દ્વારા તા.૨૪/૦૫/૨૦૨૩ પત્રથી ફરીયાદીશ્રી ને કરેલ કાર્યવાહીની જાણ કરેલ. |

# અગ્રતાક્રમાંક.૦૭

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | - એકમ પર્યાવરણીય કાયદાનું પાલનમાં જણાયેલ. ઈ.ટી.પી કાર્યરત જાણાયેલ. હવા અને પાણીની ઓઅનલાઇન મોનીટરીંગ સીસ્ટમ પ્રમાણે નોમ્સમાં જણાયેલ. | |
| ૫ | ૦૬/૦૬/૨૦૨૩ | શ્રી રામજીભાઇ જે. સતવારાની ફરિયાદ માન.મંત્રીશ્રી, પ્રવાસન, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, વન અને પર્યાવરણ અને ક્લાઇમેટ ચેન્જનું કાર્યાલય તરફથી મળેલ. | ન્યારા એર્નજી દ્વારા પ્રા. લી. કંપનીની આજુબાજુ આવેલા ગામડા ઓ માં કંપની દ્વારા ફેલાવવામાં આવતા પ્રદુષણ બાબત. | - એકમની તા.૧૯/૬/૨૩ના રોજ સ્થળ તપાસ કરેલ.<br>- પેટકોક સ્ટોરેજ યાર્ડની ફરતે લગાવેલ વિન્ડ બેરીયર– ગ્રીન કલોથ અમુક જગ્યાએથી ફાટી ગયેલ જોવા મળેલ.<br>- મુલાકાત સમયે સ્ટ્રોમ વોટર ડ્રેનમાં અલગ અલગ જગ્યાએ સલ્ફર અને પેટકોક જોવા મળેલ.<br>- મુલાકાત સમયે એકમમાં આવેલ કુલ ૦૨ કૂવાના તથા આસ પાસના ગામના કુલ ૦૪ કૂવાના પાણીના નમૂના એકત્ર કરવામાં આવેલ જેના પૃથ્થકરણ અહેવાલ નિયત માત્રામાં જણાયેલ.<br>- એકમ પર્યાવરણીય કાયદાનું પાલનમાં જણાયેલ. ઈ.ટી.પી કાર્યરત જાણાયેલ. હવા અને પાણીની ઓનલાઈન મોનીટરીંગ સીસ્ટમ પ્રમાણે નોમ્સમાં જણાયેલ. | - તા.૧૧/૦૭/૨૦૨૩ ના રોજ કારણ દર્શક નોટીસ પાઠવેલ.<br>- બોર્ડ દ્વારા તા.૨૦/૦૯/૨૦૨૩ પત્રથી ફરીયાદીશ્રી ને કરેલ કાર્યવાહીની જાણ કરેલ.<br>- |

# અગ્રતાક્રમાંક.૦૭

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૬ | ૨૬/૦૬/૨૦૨૩ | શ્રી યાસિનભાઇ બી,ગજ્જનની ફરિયાદ શ્રી અમિત ચાવડા(નેતાશ્રી, વિધાનસભા કોંગ્રેસ પક્ષ) તરફથી મળેલ. | ન્યારા એર્નજી પ્રા. લી વાડીનર દ્વારા થતી પર્યાવરણની ગંભીર બેદરકારી અંગે વારંવાર રજુઆત છંતા પગલા લેવામાં આવતા નથી તે બાબત | - એકમની તા.૧૧/૦૭/૨૦૨૩ના રોજ સ્થળ તપાસ કરેલ.<br>- મુલાકાત સમયે એકમના ગેટ પાસેથી નિકાલ થતા વરસાદી પાણીના નમૂનાઓ કુલ ૦૨ તથા આસ પાસના ગામના કુલ ૦૨ કૂવાના પાણીના નમૂના અને કુદરતી નાળામાંથી કુલ ૦૧ નમૂનાઓ એકત્ર કરવામાં આવેલ જેના પૃથ્થકરણ અહેવાલ નિયત માત્રામાં જણાયેલ.<br>- એકમ પર્યાવરણીય કાયદાનું પાલનમાં જણાયેલ. ઈ.ટી.પી કાર્યરત જાણાયેલ. હવા અને પાણીની ઓનલાઇન મોનીટરીંગ સીસ્ટમ પ્રમાણે નોર્મ્સમાં જણાયેલ. | - ફરિયાદ દફતરે કરેલ છે.<br>- બોર્ડ દ્વારા તા.૦૧/૧૧/૨૦૨૩ પત્રથી ફરીયાદીશ્રી ને કરેલ કાર્યવાહીની જાણ કરેલ. |
| ૭ | ૨૬/૦૬/૨૦૨૩ | શ્રી આર.કે.જાડેજાની ફરિયાદ મન.મંત્રીશ્રી, પ્રવાસન, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, વન અને પર્યાવરણ અને ક્લાઇમેટ ચેન્જનું કાર્યાલય તરફથી મળેલ. | મે. નાયરા એર્નજી કંપની (જુની એસ્સાર ઓઇલ) તેમજ એસ્સાર પાવર કંપની દ્વારા ફેલાતા હવા અને પાણી પ્રદુષણ બાબત. | | - ફરિયાદ દફતરે કરેલ છે.<br>- બોર્ડ દ્વારા તા.૦૧/૧૧/૨૦૨૩ પત્રથી ફરીયાદીશ્રી ને કરેલ કાર્યવાહીની જાણ કરેલ. |
| ૮ | ૨૭/૦૬/૨૦૨૩ | શ્રી રામજીભાઇ જે. સતવારાની ફરિયાદ માન.મંત્રીશ્રી, પ્રવાસન, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, વન અને પર્યાવરણ અને ક્લાઇમેટ ચેન્જનું કાર્યાલય તરફથી મળેલ. | નાયરા એનર્જી પ્રા.લી કંપનીની આજુ બાજુ આવેલા ગામડાઓમાં કંપની દ્વારા ફેલાવવામાં આવતા પ્રદૂષણ બાબત. | ક્રમ ૦૫ પ્રમાણે સરખી ફરીયાદ હોવાથી દફતરે કરેલ. જેની તા.૧૯.૦૬.૨૦૨૩ના રોજ કરેલ સ્થળ તપાસના આધારે ફરિયાદ દફતેરે કરેલ છે. | - ફરિયાદ દફતરે કરેલ છે.<br>- બોર્ડ દ્વારા તા.૨૦/૦૯/૨૦૨૩ પત્રથી ફરીયાદીશ્રી ને કરેલ કાર્યવાહીની જાણ કરેલ. |

(પી) પાછળ

## અગ્રતાક્રમાંક.૦૭

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૯ | ૨૧/૦૭/૨૦૨૩ | શ્રી આર.કે.જાડેજાની ફરિયાદ માન.રાજ્યકક્ષાના મંત્રીશ્રી, વન અને પર્યાવરણ અને કલાઇમેટ ચેન્જ, જળ સંપતિ અને પાણી પુરવઠાનું કાર્યાલય તરફથી મળેલ. | મે.રિલાયન્સ ન્યારા એનર્જી (જુની એસ્સાર ઓઇલ) અને એસ્સાર પાવર દ્વારા ફેલાતા ભયંકર પ્રદુષણ બાબતે પગલા લેવા. | ક્રમ ૦૬ પ્રમાણે સરખી ફરીયાદ હોવાથી દફતરે કરેલ. જેની તા.૧૧.૦૭.૨૦૨૩ના રોજ કરેલ સ્થળ તપાસના આધારે ફરિયાદ દફતેરે કરેલ છે. | - ફરિયાદ દફતરે કરેલ છે.<br>- બોર્ડ દ્વારા તા.૨૦/૦૯/૨૦૨૩ પત્રથી ફરીયાદીશ્રી ને કરેલ કાર્યવાહીની જાણ કરેલ. |
| ૧૦ | ૨૭/૦૭/૨૦૩ | શ્રી યાસિનભાઇ બી,ગજ્જનની ફરિયાદ માન.મંત્રીશ્રી, પ્રવાસન, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, વન અને પર્યાવરણ અને કલાઇમેટ ચેન્જનું કાર્યાલય તરફથી મળેલ. | ન્યારા એનર્જી લી. વાડીનાર દ્વારા થતી પર્યાવરણની ગંભીર બેદરકારી અંગે વારંવાર રજુઆત છતાં પગલા લેવામાં આવત નથી તે બાબતે | ક્રમ ૦૬ પ્રમાણે સરખી ફરીયાદ હોવાથી દફતરે કરેલ. જેની તા.૧૧.૦૭.૨૦૨૩ના રોજ કરેલ સ્થળ તપાસના આધારે ફરિયાદ દફતેરે કરેલ છે. | - ફરિયાદ દફતરે કરેલ છે.<br>- બોર્ડ દ્વારા તા.૦૧/૧૧/૨૦૨૩ પત્રથી ફરીયાદીશ્રી ને કરેલ કાર્યવાહીની જાણ કરેલ. |
| ૧૧ | ૨૨/૧૨/૨૦૨૩ | શ્રી આર.કે.જાડેજાની ફરિયાદ માન.રાજ્યકક્ષાના મંત્રીશ્રી, વન અને પર્યાવરણ અને કલાઇમેટ ચેન્જ, જળ સંપતિ અને પાણી પુરવઠાનું કાર્યાલયતરફથી મળેલ. | મે. નાયરા એર્નજી કંપની (જુની એસ્સાર ઓઇલ) તેમેજ એસ્સાર પાવર કંપની દ્વારા ફેલાતા હવા અને પાણી પ્રદુષણ બાબત. | ક્રમ ૦૬ પ્રમાણે સરખી ફરીયાદ હોવાથી દફતરે કરેલ. જેની તા.૧૧.૦૭.૨૦૨૩ના રોજ કરેલ સ્થળ તપાસના આધારે ફરિયાદ દફતેરે કરેલ છે. | - ફરિયાદ દફતરે કરેલ છે.<br>- બોર્ડ દ્વારા તા.૧૨/૦૨/૨૦૨૪ પત્રથી ફરીયાદીશ્રી ને કરેલ કાર્યવાહીની જાણ કરેલ. |

# GUJARAT POLLUTION CONTROL BOARD

GPCB

PARYAVARAN BHAVAN, SECTOR 10-A,
GANDHINAGAR - 382010,
(T) 079-23232152


**R.P.A.D.**

**NOTICE OF DIRECTION UNDER SECTION 33-A OF THE WATER (PREVENTION AND CONTROL OF POLLUTION) ACT-1974 (HEREINAFTER REFERRED TO AS THE "WATER ACT") AS AMENDED FROM TIME TO TIME.**

WHEREAS You M/s. Nayara Energy Limited located at S.No.62-66, Jamnagar-Okha Highway(Sh-25), Po Box No:24, Vill: Vadinar – 361305, Tal : Khambhalia, Dist : Devbhoomi Dwarka engaged in Crude Oil Refinery and Power generation.

AND WHEREAS the Gujarat Pollution Control Board has issued Consolidated Consent & Authorization AWH-122211 Valid up to 21/08/2028 under the provision of the Water Act-1974, Air Act-1981, Hazardous Waste Rules-2016 with specific terms & conditions.

AND WHEREAS GPCB have received several complain against your industrial unit regarding violation of Environment Laws and non-compliances of conditions mentioned in the various permission/consent granted by the competent authority to your industrial unit.

UNDER the circumstances I, A.J Patel, Unit Head - Jamnagar of the Gujarat Pollution Control Board propose to issue the directions under Section 33-A of the Water Act - 1974 as under:

1. To appoint and issue letter of award within one month to designated reputed institute/Schedule-I Auditor i.e. NEERI, IIT, M.S.University etc; to carry out technical study with reference to Environmental compliances as per various statutory Laws, other Guidelines and Permission.
2. The Terms of Reference of this study report shall be approved by the Board.
3. The study report shall be carried out in consultation with GPCB, Regional office, Jamnagar and final report shall be submitted to GPCB within six months.

YOU ARE HEREBY directed to reply with supporting documents within 15 days on receipt of this notice of direction failing to which directions as proposed above will be deemed to be passed without further reference to you.

The letter is issued after the approval of Competent Authority.

For and on behalf of
Gujarat Pollution Control Board

(A.J Patel)
Unit Head-Jamnagar

Outward No:784757,23/02/2024

NO: GPCB/CCA-JMN-366(27)/ID-27398/ Date: /02/2024

To,
M/s. Nayara Energy Limited
S.No.62-66, Jamnagar-Okha Highway(Sh-25),
Po Box No:24, Vill: Vadinar – 361305,
Tal : Khambhalia Dist : Devbhoomi Dwarka.

નોટીસનું ગુજરાતી ૨૨/૦૨/૨૦૨૪ના રોજ આપેલ

- નાયરા એનર્જી લિમીટેલ સામે વિવિધ રજુઆતો ધ્યાને રાખી એકમની તટસ્થ રીતે વૈજ્ઞાનિક અભ્યાસ થાય તે હેતુસર નીરી નાગપુર/ આઈ.આઈ.ટી. જેવી સંસ્થા પાસેથી અભ્યાસ કરાવવા માટે એકમને તા.૨૨-૦૨-૨૦૨૪ના રોજ પાણી અધિનિયમ હેઠળ નોટિસ ઓફ ડાયરેકશન આપવામાં આવેલ છે.

- જે મુજબ એકમ દ્વારા સદર અભ્યાસના TOR એક માસમાં નક્કી કરી સદર અભ્યાસ ૬ માસ માં પુર્ણ કરીન રીપોર્ટ રજુ કરવા જણાવેલ છે. તેમજ આ અભ્યાસના જે તારણો હશે તે એકમે સમયબદ્ધ રીતે પૂર્ણ કરવાના રહેશે. આમ વિભાગ પ્રદુષણ નિયંત્રણ માટે પ્રતિબદ્ધ છે.

(૨) (નોટીસનું ગુજરાતી)

# અગ્રતાક્રમાંક.૦૭

શ્રીમતી રીવાબા જાડેજા (જામનગર ઉત્તર)

**પ્રશ્ન -**

**જી.પી.સી.બી. દ્વારા નાયરા એનર્જી લી.ની છેલ્લા બે વર્ષ દરમિયાન કેટલી વખત મોનીટરીંગ કરવામાં આવેલ છે? અને જી.પી.સી.બી. બોર્ડ સિવાય પણ બહારની કોઈ સંસ્થાઓ દ્વારા મોનીટરીંગ કરવામાં આવે છે કે કેમ?**

**જવાબ :-**

- સામાન્ય રીતે **બોર્ડ દ્વારા મોટા અને રેડ કેટેગરીના એકમોનું મોનીટરીંગ** કેન્દ્રીય પ્રદુષણ નિયંત્રણ બોર્ડની માર્ગદર્શિકા પ્રમાણે કરવામાં આવે છે.
- પરંતુ, ફરિયાદ મળતા બોર્ડ દ્વારા અલગથી સ્થળ તપાસ કરવામાં આવે છે. આ એકમની **બોર્ડ દ્વારા વર્ષ ૨૦૨૨માં ૬ (છ) મુલાકાતો** અને **વર્ષ ૨૦૨૩માં ૫ (પાંચ) મુલાકાતો** લેવામાં આવેલ છે.
- નાયરા એનર્જી લી. દ્વારા બોર્ડ સિવાય **બોર્ડની થર્ડ પાર્ટી ઓડીટ સ્કીમ હેઠળ સદર એકમનું નામાંકીત શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા વર્ષમાં ત્રણ વાર મોનીટરીંગ** કરવામાં આવે છે.
- સદર એકમે ગત વર્ષોમાં **નીરી** (NEERI – National Environmental Engineering Research Institute), **એન.આઇ.ઓ.** (NIO–National Institute of Oceanography) દ્વારા અને **દર માસે ગુજરાત ઇન્સ્ટીટ્યુટ ઓફ ડીઝર્ટ ઇકોલોજી દ્વારા મરિન મોનીટરીંગ પણ કરાવેલ છે.**

અગ્રતા ક્રમાંક.૦૭

કંપની દ્વારા પ્રદૂષણ અટકાવવા લીધેલા પગલાં

**પ્રશ્ન** વધારાનો પ્રશ્ન

**નાયરા એનર્જી લી. દ્વારા શું ઉત્પાદન કરવામાં આવે છે. અને આ કંપની દ્વારા હવા, પાણી અને જોખમી કચરાનાં પ્રદૂષણને અટકાવવા માટે ક્યાં ક્યાં પગલા લેવામાં આવેલ છે.?**

જવાબ :-

નાયરા એનર્જી લી. દ્વારા પ્રદૂષણ અટકાવવા લીધેલ પગલાં

- દેવભૂમી દ્વારકા ખાતે આવેલ નાયરા એનર્જી લી. રીફાઈનરી સાલ ૨૦૦૮ થી  કાર્યરત છે. આ એકમ પેટ્રોલ, ડીઝલ, એલ.પી.જી., કેરોસીન, ગેસોલીન વિગેરેનું ઉત્પાદન કરે છે.
- સદર રીફાઈનરીને વાર્ષિક ૨૧ મિલીયન મેટ્રીક ટન કેપેસીટી માટે પર્યાવરણીય કાયદાઓ હેઠળ કન્સેન્ટ - સીસીએ રીન્યુઅલ અને વન અને પર્યાવરણ મંત્રાલય તરફથી પર્યાવરણીય મંજૂરી (ઈસી) પણ મેળવેલ છે.

પાણી પ્રદૂષણ:

- સદર એકમ ઔદ્યોગિત પ્રવુતિઓ માટે પાણી દરિયાના ખારા પાણીને ડીસલીનેશન પ્લાન્ટથી મીઠું બનાવી વપરાશમાં લે છે. ભૂગર્ભ જળ કે અન્ય નદી નાળાનું પાણી વાપરતું નથી.
- પાણી પ્રદૂષણ નિયંત્રણ માટે કોમ્પલેક્ષની અંદર જ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ધરાવે છે અને ટ્રીટેડ કરેલ ઔદ્યોગિક પાણીનો વિવિધ ફરીથી ઉપયોગ જેમ કે પ્રોસેસમાં ફરી વપરાશ, ફાયર વોટર મેક અપ,

(૧) પાછલા

કુલીંગ ટાવર મેક અપ અને ગ્રીન બેલ્ટ ડેવલોપમેન્ટ માં કરે છે. ફક્ત ખારા પાણી કે જે દરિયાના પાણીને મીઠું બનાવવાથી નિકળે છે અને આર.ઓ રીજેક્ટ નો દરીયાની અંદર ઉંડે સુધી NIO દ્વારા સુચવેલ  સ્થળે સાયન્ટીફીક રીતે ડીફ્યુઝરથી નિકાલ કરવામાં આવે છે.

- એકમ દ્વારા એકમમાં ઉદભવતા ડોમેસ્ટીક ગંદાપાણી તથા તેના રહેણાંક કોલોનીના ગંદાપાણીના શુધ્ધિકરણ માટે અલાયદા સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટની વ્યવસ્થા કરવામાં આવલ છે. આ શુધ્ધ કરેલ ગંદાપાણીને ગાર્ડનીંગમાં વપરાશમાં લેવામાં આવે છે.

## <u>હવા પ્રદૂષણ:</u>

- હવા પ્રદૂષણ નિયંત્રણ માટે એકમ દ્વારા ચીમનીમાંથી નિકળતી હવાને નોમ્સ પ્રમાણે ટ્રીટમેન્ટ નિકાલ કરવામાં આવે છે.
- ઓછા સલ્ફર વાળા બળતણનો વપરાશ કરે છે. નાયટ્રોજન ઓક્સાઈડ ના નિયંત્રણ માટે અદ્યતન બર્નર લગાવેલ છે.
- મોનીટરીંગ માટે ઓનલાઈન મોનીટરીંગ સાધનો લગાવેલ છે. **ચીમનીની સાથે રીયલ ટાઈમ ઓનલાઇન મોનિટરીંગ સિસ્ટમ લગાવેલ છે.**
- **આ પરિણામ કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ નવી દીલ્હી તેમજ જીપીસીબી ખાતે જોઈ શકાય છે.**
- **પરિસરની હવાની <u>ગુણવત્તા</u> પણ ચકાસવા થર્ડ પાર્ટી ઓડીટર દ્વારા** મોનીટરીંગ સ્ટેશનો ચલાવી **સમયાંતરે માપણી કરવામાં આવે છે.**

## જોખમી કચરા

- જોખમી કચરાના સ્ટોરેજ માટે અલાયદી જગ્યાની વ્યવસ્થા કરવામાં આવેલ છે.
- એકમ દ્વારા ઈટીપીમાંથી ઉદભવતા વેસ્ટના નિકલ માટે ઓથોરાઇઝડ TSDF સાઇટનું સભ્યપદ મેળવેલ છે.
- બીજા વેસ્ટ જેવા કે સ્લોપ ઓઇલ, વેસ્ટ અથવા રેસીડ્યુ કન્ટેનીંગ ઓઇલ, યુઝ્ડ ઓઇલ તથા અન્ય વેસ્ટને ઓથોરાઇઝડ સીમેન્ટ ઇન્ડસ્ટ્રીઝમાં કો-પ્રોસેસીંગ માટે મોકલવામાં આવે છે.

3

3

પુરક નોંધ

પુરક નોંધ:-

- દેવભૂમિ દ્વારકા જિલ્લો ગુજરાત રાજ્યના સૌરાષ્ટ્ર વિસ્તારમાં આવેલો છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કુલ ૦૪ તાલુકા જેવા કે ખંભાળિયા, કલ્યાણપુર, ભાણવડ અને દ્વારકા આવેલ છે.

- આ જિલ્લામાં કુલ ૪૦૮ માંથી ૩૮૧ લઘુ, ૦૯ મધ્યમ અને ૧૮ મોટા ઉધોગો આવેલ છે. જેમાંથી ૨૬૮ વધારે પ્રદૂષણ ક્ષમતા ધરાવતા રેડ અને ૧૦૬ ઑરેન્જ અને ૩૪ ઓછી પ્રદૂષણ ક્ષમતા ધરાવતા ગ્રીન એકમો આવેલ છે. જેમાં રીફાઈનરી, સોડાએશ, સિમેન્ટ, સ્ટોન ક્રશર, રીફાઈન્ડ સોલ્ટ, માઈનીંગ, બોક્સાઈટ અને ઓઈલ મીલ વિગેરેનો સમાવેશ થાય છે.

- મે.નાયરા એનર્જી લી. રીફાઈનરી સાલ ૨૦૦૮ થી કાર્યરત છે. અગાઉ આ એકમ મે. એસ્સાર ઓઈલ કંપની દ્વારા ચલાવવામાં આવતું હતું.

- સદર રીફાઈનરીને વાર્ષિક ૨૧ મિલીયન મેટ્રીક ટન કેપેસીટી માટે બોર્ડ દ્વારા પર્યાવરણીય કાયદાઓ હેઠળ તા.૨૦/૧૦/૨૦૨૨ના રોજ કન્સેન્ટ- સીસીએ પાઠવેલ જેની મુદત તા.૨૧/૦૮/૨૦૨૮ સુધીની છે. એકમ વન અને પર્યાવરણ મંત્રાલય તરફથી પર્યાવરણીય મંજૂરી (EC) પણ ધરાવે છે.

5

- સામાન્ય રીતે બોર્ડ દ્વારા મોટા અને રેડ કેટેગરીના એકમોનું મોનિટરીંગ કેંન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની માર્ગદર્શિકા પ્રમાણે કરવામાં આવે છે. પરંતુ ફરિયાદ મળતા બોર્ડની ટીમ દ્વારા અલગથી સ્થળ તપાસ કરવામાં આવે છે. આ એકમની બોર્ડ દ્વારા વર્ષ–૨૦૨૨માં ૦૬(છ) મુલાકાતો અને વર્ષ–૨૦૨૩માં ૦૫(પાંચ) મુલાકાતો લેવામાં આવેલ છે.

- વર્ષ–૨૦૨૨ અને ૨૦૨૩માં મળેલ ફરિયાદોની વિગતો નીચે પ્રમાણે છે.
  - ➢ વર્ષ–૨૦૨૨માં ૦૩ (ત્રણ) ફરિયાદ મળેલ છે, જેમાં તા.૨૦.૦૧.૨૦૨૨, તા.૨૦.૦૬.૨૦૨૨ અને તા.૧૫.૦૭.૨૦૨૨ના રોજ સ્થળ તપાસ કરવામાં આવેલ.
  - ➢ વર્ષ–૨૦૨૩માં ૧૧ (અગિયાર) ફરિયાદ મળેલ છે, જેમાં તા.૧૫.૦૩.૨૦૨૩, તા.૧૬.૦૫.૨૦૨૩ તા.૧૯.૦૬.૨૦૨૩, તા.૧૧.૦૭.૨૦૨૩ અને તા.૦૮.૦૮.૨૦૨૩ના રોજ સ્થળ તપાસ કરવામાં આવેલ.

- ➢ સદર મુલાકાતો સમયે એકમને પાલન માટે જરૂરી સૂચનાઓ લેખિતમાં સ્થળ પર જ પાઠવેલ.
- ➢ સદર તપાસ અહેવાલો તેમજ એકમના કોમ્પ્લાયન્સના આધારે એકમ મહદઅંશે પર્યાવરણીય કાયદાના પાલનમાં જણાતા ફરિયાદો દફતરે કરેલ.

- વધુમાં, બોર્ડની થર્ડ પાર્ટી ઓડીટ સ્કીમ હેઠળ સદર એકમનું નામાંકીત શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા વર્ષમાં ત્રણ વાર મોનિટરિંગ કરવામાં આવે છે.
- સદર એકમે ગત વર્ષોમાં નેશનલ એનવાયરોનમેન્ટલ એન્જીનીયરીંગ રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ (NEERI), નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ઓસીઓનોગ્રાફી (NIO) દ્વારા અને દર માસે ગુજરાત ઈન્સ્ટીટ્યુટ ઓફ ડેઝર્ટ ઈકોલોજી (GUIDE) દ્વારા મરિન મોનિટરિંગ પણ કરાવેલ છે.
- આમ, બોર્ડ દ્વારા સદર ઉદ્યોગ દ્વારા પર્યાવરણીય કાયદાઓનું પાલન થાય તે માટે સઘન મોનીટરીંગ કરવામાં આવે છે.

***

| પ્રશ્ન નં | પ્રશ્ન | જવાબ |
|---|---|---|
| ૪. | જીપીસીબી દ્વારા ફરિયાદ મળતા શુ કાર્યવાહી કરવામાં આવે છે તેમજ ઉદ્યોગ દ્વારા કાયદાકીય પગલા લેવા માટે શુ માર્ગદર્શિકા છે ? | - ફરિયાદીનો સંપર્ક કરીને ફરિયાદ વિષે સંપૂર્ણ માહિતી મેળવવામાં આવે છે .<br>- જેતે ઉદ્યોગની જાત સ્થળ તપાસ કરીને સ્થળ ઉપર જ સુધારા માટે લેખીત સુચનાઓ આપવામાં આવે છે.<br>- મુલાકાત સમયે બોર્ડની મંજૂરીઓના પાલનમાં જણાયેલ ઉદ્યોગ સામેની ફરીયાદ દફતરે કરવામાં આવે છે.<br>- સ્થળ પર આપેલ સુધારા માટે લેખિત સૂચનાઓનું તાત્કાલીક પાલન કરીને એકમ દ્વારા બોર્ડને અહેવાલ રજૂ કરવામાં આવે તો પણ વધુ કાર્યવાહી કરવાની રહેતી ન હોવાથી દફતરે કરવામાં આવે છે.<br>- જો આપેલ સૂચનાઓનું પાલન ન થાય તો સામાન્ય પ્રકારના ગુના માટે કારણ દર્શક નોટીસ અને મધ્યમ પ્રકારના ગુના માટે નોટીસ ઓફ ડાયરેક્શન આપી સુધારા માટે તક આપવામાં આવે છે .<br>- ઉદ્યોગ પાસેથી લાંબા ગાળાના કામો માટે સમયમર્યાદા સાથે એક્શન પ્લાન લઈ સુધારાની કામગીરી કરાવવામાં આવે છે.<br>- જ્યારે ગંભીર ગુના માટે બંધ કરવાના હુકમો કરવા માં આવે છે |

પગલા માટેના માપદંડ

<u>વિવિધ પર્યાવરણીય અધિનિયમો હેઠળ કાયદાના અમલીકરણ માટે પગલાં માટે માપદંડ:</u>

1. કારણ દર્શક નોટિસ માટેના માપદંડ: [કારણ દર્શક નોટિસ]
   - પર્યાવરણીય વ્યવસ્થાપન માટે જરૂરી સુધારા જેવા કે ETP એકમો, APCM અને ઘન કચરા/ Haz વેસ્ટનું સંચાલનની જરૂરીયાત
   - CCAની મુદત પૂરી થવાના કિસ્સામાં અને જેને CCA રિન્યુઅલની જરૂર છે.
   - જો પર્યાપ્ત સાધનો ETP એકમો, APCM, SMF નથી.
   - પર્યાવરણ ઓડિટ અહેવાલ રજૂ ન કરવો (ઉચ્ચ અદાલતના આદેશના પેરા-10)
   - જોખમી કચરાનો અપૂરતો/અયોગ્ય સંગ્રહ કે લીચેટ માટે જોગવાઈ નથી
   - જોખમી કચરાના નવા નિયમો મુજબ ઓથોરાઈઝેશન સુધારેલ નથી કે ઓથોરાઈઝેશનનું શરતનું પાલન ન કરવું.
2. એર એક્ટ-1981ના 31-A, પાણી એક્ટ-1974ના 33-A, EPA-1986ની કલમ 4 (2) હેઠળ નોટિસ ઓફ ડાયરેક્ષન માટેના માપદંડ (નોટિસ ઑફ ડાયરેક્શન)
   - કારણ દર્શક નોટિસનું પાલન ન કરવું
   - ગંદા પાણી કે હવા પ્રદૂષણના રીઝલ્ટ અસામાન્ય રીતે ધોરણો કરતાં વધારે આવે
   - કન્સેંટની મુખ્ય શરતોનું ઉલ્લંઘન
   - કોર્ટના આદેશનું ઉલ્લંઘન, MOEF/DOEF/CPCB/માર્ગદર્શિકાનું ઉલ્લંઘન
   - ઉત્પાદન વધારે, ઉત્પાદનમાં ફેરફાર અથવા સીટીઈ કે સીસીએ વિના ઉત્પાદન
   - તપાસ અહેવાલ દ્વારા પુષ્ટિ થયેલ ફરિયાદો.
   - પરિસરમાં જોખમી કચરાનો અવૈજ્ઞાનિક સંગ્રહ

- પૂર્વ પરવાનગી/ અધિકૃતતા વિના આંતરરાજ્ય જોખમી કચરો પરિવહન.
- જોખમી કચરાનો વધારાનો સંગ્રહ જેમાં SCN અગાઉ જારી કરવામાં આવેલ હોય.
- જોખમી કચરાનો અયોગ્ય નિકાલ
- નોન-ફેરસ મેટલ / વપરાયેલ ઓઈલ / કચરાની યોગ્ય નોંધણી વગર પુનઃપ્રક્રિયા કરવી
- વોટર એક્ટ 1974 / એર એક્ટ, 1981 / EPA 86 હેઠળની અન્ય જોગવાઈઓનું ઉલ્લંઘન.

3. 15 દિવસ પછી અસરકારક બંધ દિશા માટેના માપદંડ:

- નોટીસનું પાલન ન કરવું
- મુખ્ય ઉલ્લંઘન જેમ કે:
    - સીધો ગેરકાયદેસર નિકાલ/ ડમ્પિંગ / મર્યાદાથી વધુ હવાનું ઉત્સર્જન
    - લાંબા સમય સુધી મર્યાદાથી વધારે ઔધ્યોગિક ગંદાપાણીનો નિકાલ
    - ઇરાદાપૂર્વક કાયદાઓનું બિન-પાલન
    - રાસાયણિક એકમો જ્યાં વિસ્ફોટ, વિસ્ફોટ, આપત્તિ, ઝેરી ઉત્સર્જનનું જોખમ હોય
- કોર્ટના આદેશનું પાલન ન કરવું.
- એવા કિસ્સામાં કે જ્યાં તાત્કાલિક બંધ કરવાની જરૂર છે પરંતુ અચાનક પાવર કટ/ પાણી પુરવઠો, જે આપત્તિ સહિત પર્યાવરણીય કટોકટી સર્જી શકે છે.
- જોખમી કચરા હેઠળ અધિકૃતતા મેળવ્યા વિના ઔદ્યોગિક પ્લાન્ટનું સંચાલન , નામદાર સર્વોચ્ચ અદાલતના હુકમનું ઉલ્લંઘન

- CPCB રજીસ્ટ્રેશન મેળવ્યા વિના કે CPCB રજિસ્ટર્ડ જથ્થા કરતાં વધુ નોન-ફેરસ મેટલ વેસ્ટ પર પ્રક્રિયા કરવી.
- જોખમી નિયમોના ઉલ્લંઘનમાં કોઈપણ જોખમી કચરાની ગેરકાયદેસર આયાત
- જોખમી કચરાનો ગેરકાયદેસર નિકાલ જે પર્યાવરણને નુકસાન પહોંચાડે છે
- CPCB/MOEF અને DOEF ઓર્ડર તેમજ બોર્ડના આદેશનું ઉલ્લંઘન.
- ઉત્પાદનમાં ફેરફાર / CTE/ CCA/ EC વગર નવા ઉત્પાદનોનો માટે ગુનો ચાલુ રહેલ જણાય

4. તાત્કાલિક અસરથી બંધ કરવાની દિશા માટે માપદંડ:

- નોટીસનું પાલન ન કરવું
- પર્યાવરણમાં અત્યંત ઝેરી પ્રવાહી / ગેસનું ઉત્સર્જનનું વિસર્જન કરવું
- ટેન્કર મારફત ગંદા પાણીનો ગેરકાયદેસર નિકાલ / રિવર્સ બોરિંગ
- રીઢો ગુનેગાર ( habitual violator)
- કેમિકલ અકસ્માતથી ઝેરી કચરાનો નિકાલ
- હાઈકોર્ટ/ સુપ્રીમ કોર્ટના આદેશોનું ઉલ્લંઘન
- ગેરકાયદેસર જોખમી કચરાનો નિકાલ
- અત્યંત ઝેરી/ એસિડિક/ આલ્કલાઇન ગંદાપાણીનો કે કચરાનો સંવેદનશીલ નદી/ નાળા / ખેતીની જમીનો/ રસ્તાઓ કે કારખાનાની બહાર નિકાલ

5. કાનૂની કાર્યવાહી શરૂ કરવા માટેના માપદંડ

- બંધ કરવાના નિર્દેશોનું પાલન ન કરવું.
- ઈસી વગર ઉત્પાદન કરવું કે ઈસીની મુખ્ય શરતોનું પાલન ન કરવું
- કોર્ટના નિર્દેશોનું ઉલ્લંઘન

6. બંધના હુકમ સામે ટ્રાયલ રન કે કાયમી કાર્યરત કરવાના હુકમો માટેના માપદંડો:
   - બંધના કારણોની પૂર્તતા [ટ્રાયલ રન / રીવોકેશન]
   - રીવોકેશનની અરજી સાથે એકમનું કાયદાના પાલન કરવા માટે તેમજ પર્યાપ્ત રીતે EMS ઓપરેટ કરશે તે માટે બાંયેધરી, બેંક ગેરંટી અને પર્યાવરણીય ડેમેજ માટે વળતર જમા કરાવેથી
   - પ્રાદેશિક કચેરીના ચકાસણી અહેવાલ મળેથી

ટ્રાયલ રનનો સમયગાળો સામાન્ય રીતે 03 મહિના માટે હોય છે. ત્યારબાદ એકમની ફરીથી મુલાકાત લઈને કાયમી રીવોકેશન આપવામાં આવે છે.

***

ઉધોગ સામેની ફરિયાદ દફતરે કરવા માટેના કારણો:

- મુલાકાત સમયે એકમ
  - બોર્ડની મંજૂરીઓના પાલનમાં જણાયેલ હોય તો,
  - ઈટીપી/ હવા પ્રદૂષણના સાધનો / જોખમી કચરાનું સંચાલન યોગ્ય જણાય તો,
  - દેખિતીરીતે પ્રદૂષણ ન જણાય તો,
  - ફરિયાદ માં તથ્ય ન જણાય તો
  - ગંદાપાણીના અને હવાના એકત્રિત કરેલ નમૂનાના રીઝલ્ટ નોમ્સમાં આવે તો ફરિયાદ દફતરે કરવામાં આવે છે.
- જે-તે ઉધોગની જાત સ્થળ તપાસ કરીને અધિકારીઓ દ્વારા સ્થળ પર જ સુધારા માટે લેખિત સૂચનાઓ આપવામાં આવે છે. આ સુધારા માટે આપેલ લેખિત સૂચનાઓનું તાત્કાલીક પાલન કરીને એકમ દ્વારા બોર્ડને અહેવાલ રજૂ કરવામાં આવે તો એકમ સામે કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોવાથી ફરિયાદ દફતરે કરવામાં આવે છે.

| પ્રશ્ન નં | પ્રશ્ન | જવાબ |
|---|---|---|
| ૭. | દેવભૂમિ દ્વારકા જીલ્લામાં વાતાવરણની હવાની મોજણી માટે શું વ્યવસ્થા છે? | દેવભૂમિ દ્વારકા જીલ્લામાં આવેલ મોટી રીફાઈનરીઓ, પેટ્રોકેમિકલ, સોડાએશ, સિમેન્ટના ઉદ્યોગો દ્વારા કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ– સીપીસીબીની સૂચના પ્રમાણે ચીમનીઓમાંથી નિકળતા ધૂમાડા માટે ઓનલાઈન મોનિટરીંગ સિસ્ટમ લગાવેલ છે જેના પરીણામ સીપીસીબી તેમજ જીપીસીબી ખાતે દેખી શકાય છે. આ એકમો દ્વારા સમયાંતરે વાતાવરણની હવાની ગુણવતાની પણ માપણી કરવામાં આવે છે.<br><br>વધુમાં ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા દેવભૂમિ દ્વારકા જીલ્લા ખાતે વાતાવરણની હવાની ગુણવતાની માપણી માટે ૦૨ સ્ટેશનો કાર્યરત કરેલ છે. |